# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-12-2025 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## રાજ્યમાં SIR ની કામગીરી

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. **SIR**ની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે **BLO** અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે 100 ટકા સફળ રહ્યું છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે.

**-----------------------------------------------------------------------------------------**

## રદ્દીકરણ અને સુધારા બિલ-2025

ગઈકાલે  લોકસભામાં રદ્દીકરણ અને સુધારા બિલ, 2025 રજૂ કરવામાં આવ્યું. કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે બિલ રજૂ કરતા કહ્યું કે તે ચોક્કસ કાયદાઓને રદ કરવાની અને કેટલાક અન્ય કાયદાઓમાં સુધારો કરવાની જોગવાઈ કરે છે. આ બિલ કાયદા વિભાગ દ્વારા ઓળખાયેલા જૂના કાયદાઓને રદ કરવાનો પ્રયાસ કરે છે.

**-----------------------------------------------------------------------------------------**

# ઉદ્યોગ પોર્ટલ દ્વારા રોજગારી

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું છે કે ઉદ્યોગ પોર્ટલ પર અત્યાર સુધીમાં સાત કરોડથી વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો નોંધાયેલા છે, જેનાથી દેશભરમાં લગભગ 31 કરોડ લોકોને રોજગાર મળ્યો છે. ગઈકાલે રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી માંઝીએ જણાવ્યું હતું કે ઉદ્યોગ પોર્ટલ 2020 માં મધ્યમ, લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગો સ્થાપવામાં વ્યક્તિઓને મદદ કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

# ગુજકેટ 2026 માટે આવેદનપત્ર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીગ્રી એન્જનિયરીંગ, ડીગ્રી ડિપ્લોમા અને ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ, બી અને ગૃપ-એબીના માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ 2026 પરીક્ષાનું ઓનલાઇન આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ **www.gseb.org** તથા **gujset.gseb.org** પરથી આજથી 30મી ડીસેંબર સુધી ભરી શકાશે. જેની પરીક્ષા ફી 350 રૂપિયા એસબીઆઇ પેય સિસ્ટમ મારફતે ઓનલાઇન ભરી શકાશે.

---------------------------------------------------------------------------------------

# બ્રહ્માકુમારીઝ હીરક જયંતી મહોત્સવ

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના હીરક જયંતિ મહોત્સવ નિમિતે આગામી 21મી ડીસેંબરે અમદાવાદમાં “શાંતિ અનૂભૂતિ દિવ્ય સમારોહ” યોજાશે.

બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના ડાયરેકટર રાજયોગીની ભારતી દીદીએ જણાવ્યું છે કે, 21 ડીસેંબરે વિશ્વ મેડીટેશન દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં આ સમારોહ યોજાશે. જેમાં 60 હજારથી વધુ રાજયોગી બ્રહ્માકુમાર ભાઇબહેનો સામૂહિક મેડીટેશન કરશે.

---

## PGVCL દ્વારા રેલીનું આયોજન

પી.જી.વી.સી.એલ. વર્તુળ કચેરી ભુજ  દ્વારા `ઊર્જા સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત વીજળીના વપરાશમાં સલામતી અને જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય થી  રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં વીજ કંપનીના કર્મચારીઓ જોડાયા હતા. સામાન્ય જનતામાં વીજળીની સલામતી, ઊર્જા સંરક્ષણ અને `ઊર્જા સપ્તાહ'ની સંપૂર્ણ માહિતી આપતી પત્રિકાઓનું વ્યાપક વિતરણ કરવામાં આવ્યું હતું. રેલી દ્વારા નાગરિકોને વીજળીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અને ઊર્જા બચાવવા માટેનો મહત્ત્વપૂર્ણ સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.

---

## ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ

જિલ્લા ટ્રાફિક ભવન ખાતે સિટી ટ્રાફિક શાખા ભુજ દ્વારા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ભુજના અધિકારી સંકલનમાં રહી રિક્ષા તથા ટેક્સીચાલકો માટે વિશેષ ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મુસાફરોની સલામત મુસાફરી સુનિશ્ચિત કરવાની અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે ચાલકોમાં જાગૃતિ લાવવાનો હતો.

---

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા ધોરડો ખાતે

કચ્છ જિલ્લા પંચાયતની વર્તમાન બોડીની વર્ષની છેલ્લી બની રહેનારી આગામી સામાન્ય સભા 1લી જાન્યુઆરીએ ભુજના બદલે ધોરડો ગ્રામ પંચાયત ખાતે યોજાશે. 10 મુદ્દાની જાહેર થયેલી કાર્ય સૂચિમાં પ્રશ્નોત્તરી માટે એક કલાક ફાળવાયો છે. આ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી સહિતના વિકાસ કામો અને ફેરફારોને બહાલી અપાશે. પ્રશ્નોત્તરી માટેના પ્રશ્નો તા. ૨૩ ડિસેમ્બર સુધી મોકલી આપવા એક યાદીમાં જણાવાયું છે.

---

## હવામાન

છેલ્લા બે દિવસથી જિલ્લામાં ઠારનો પ્રભાવ ઘટ્યો છે. લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા જિલ્લાવાસીઓને ઠંડીથી સામાન્ય રાહત મળી છે. આજે સવારે પશ્ચિમ કચ્છના માકપટ સહિત જુદા જુદા વિસ્તારોમાં ધુમ્મસ છવાયું હતું. રાજ્યનું સૌથી ઠંડુ મથક બનેલું નલિયાનું લઘુત્તમ તાપમાન 12.8 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં 14.3 અને કંડલામાં 16 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન ઠંડીનું પ્રમાણ વધે તેવી શક્યતા નકારી છે.

---